**ક્રિ.કેસ.નં. 103120/2022**

૧. આરોપી હાજર થતાં રૂબરુ પુછતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે.આરોપીને તેની સામેના ગુનાની સજાની જોગવાઈ અને દંડની સજા કરેલ તેમ છતાં આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છાએ કબુલ કરેલ છે અને જણાવે છેકે,તેમનો પ્રથમ ગુનો છે તેઓ ગરીબ અને બાલ બચ્ચા વાળા માણસ છે કુટુંબની જવાબદારી તેમના શીરે છે.ભવિષ્યમાં આવો ગુનો નહી કરે તેની ખાત્રી આપે છે.તેથી રહેમ બતાવી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

૨. આરોપીને કબુલાત સ્વૈચ્છિક હોઈ તે નહી માનવા માટે કોઈ કારણ નથી.નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ કોઈ ગુનાની કાયદાથી નિયત થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા આરોપીને સમય સંજોગો અને પરિસ્થિતિ ને ધ્યાને લઈ મેજીસ્ટ્રેટ શ્રી કરી શકે છે.આ કેસમાં આરોપીની રજુઆત લક્ષમાં લઈ તથા ના.ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ૨૦૦૫ (૧) જી.એલ.આર ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીશચંન્દ્ર ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આરોપીને સી.આર.પી.સીની કલમ ૨૫૨ અન્વયે YUSUFKHAN KARIMKHAN PATHANનાઓને જુગારધારાની કલમ ૧૨(અ) વિ. ના ગુના માટે તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂ/– ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા પુરા) નો દંડ અને જો દંડની રકમ ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. (કુલ ૧૦૦)

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ : ૧૨/૧૧/૨૨**
**અમદાવાદ.**

**(ડબ્લ્યુ.આર.મલીક)**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**કોર્ટ નં.૫ અમદાવાદ, કોડ નં.જીજે૦૧૧૪૪**